**<u>મહે. ૩૭ માં એડી.ચીફ જયુડીશિયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, અમદાવાદ શહેર.</u>**

**<u>ફો.કેસ નં. 5146/2025</u>**

**૧.** ફરિયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, આ કામના આરોપીએ આંક–૦૧ ની હકીકતે ગુનો કરી ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ ન કલમ–૬૬(૧)(બી), ૮૫(૧),જી.પી.એકટની કલમ–૧૧૦,૧૧૭ મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે. સદર કેસનું ચાર્જશીટ કોર્ટમાં રજુ થતાં, તે અન્વયે કોર્ટે આરોપીને સમન્સ કરેલ અને આરોપી હાજર થતાં પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલી છે. જયારે હાલના આરોપીને તેની સામેની પ્લી વાંચી સંભળાવી, સમજાવતાં, તેઓએ ગુનાની કબુલાત કરવાની પુરશીશ રજુ કરી, સ્વેચ્છાએ ગુનો કબુલ કરેલ છે. હાલના કેસમાં આરોપી વિરૂધ્ધ આ જ પ્રકારના અગાઉ કોઇ ગુના સબબ પૂર્વદોષસિધ્ધિ નથી અને હાલના આરોપીએ સ્વેચ્છાએ કોઇપણ પ્રકારની ધાક ધમકી, દાબ દબાણ વગર કબુલાત કરવાની રજુઆત કરેલ છે, જેથી આરોપીની આ રાજીખુશીથી કરેલી કબુલાત હોઇ, તે નહીં માનવા માટે કોઇ કારણ નથી.

**૨.** આમ, હાલના કામમાં આરોપી સ્વૈચ્છિક ગુનાની કબુલાત કરે છે. આરોપી ગરીબ વર્ગના તેમજ કુટુંબમાં એક જ કમાનાર વ્યકિત / યુવાન વયના / વૃધ્ધ ઉંમરના / સ્ત્રી આરોપી છે અને ફરીવાર આવો ગુનો નહીં કરવાની ખાતરી આપી, સુધરવાની તક આપી, દયાની માંગણી કરી, યોગ્ય દંડ તથા સજા કરવા રજુઆત કરેલ છે અને આરોપીએ સ્વૈચ્છિક કબુલાત કરેલ છે.

**3.** હાલના કામે ઉપરોકત કાયદાની જોગવાઇઓ ધ્યાને લેતાં, તેમજ આરોપીનો આ ગુનો પ્રજમ હોઇ, તેમજ આરોપી સામેનો ગુનો નજીવો ગુનો (પેટી ઓફેન્સ) છે, આરોપી ગરીબ માણસ હોય, નામદાર ગુજરાત હાઇકોર્ટના ૨૦૦૫ (૧) જી.એલ.આર. ૨૦૦૫ ના સરકાર વિ. નટવરલાલ રતનજી ઠાકોરના ચુકાદાને ધ્યાને લઇ, આરોપીની કબુલાત તથા ગુનાના સંજોગો ધ્યાને લેતાં તથા સુધારાલક્ષી શિક્ષાની વિચારસરણી (Reformative Theory of Punishment ) ના સિધ્ધાંતને ધ્યાને રાખતા આરોપીને ન્યૂનત્તમ કે મહત્તમ સજા નહીં કરવાથી પણ ન્યાયનો હેતુ જળશવાશે તવું જણાતું હોઇ, આરોપીને હાલના ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે અને નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–: હુકમ :–</u>**

આ કામના આરોપીને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૫૨ અન્વયે ધી ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ–૬૬(૧)(બી), ૮૫(૧), જી.પી.એકટની કલમ–૧૧૦,૧૧૭ હેઠળના શિક્ષાને પાત્ર ગુનામાં રૂા.૫૦૦/– (અંકે રૂપિયા પાંચસો પુરા) નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન–૦૨ (બે) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૦૮/૦૩/૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં સ્પેશિયલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૮/૦૩/૨૦૨૫
સ્થળ : અમદાવાદ.
**<u>સ્પેશિયલ સીટીંગ</u>**

**ઈ./ચા.** ૩૭ માં એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૨૨, અમદાવાદ શહેર.